પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૪ | ૨૪ મે, ૨૦૧૮, ગુરૂવાર ; અ. જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**મંદસૌરમાં ૬ જૂને રાહુલની સભા**

મધ્યપ્રદેશની ચૂંટણીને ધ્યાને રાખી કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ૬ જૂને મધ્યપ્રદેશના મંદસૌરમાં રેલીનું આયોજન કરશે. જો કે આ રેલી મામલે પ્રશાસને ૧૮ શરતો રાખી છે.

**જળચક્રની ઓળખ માટે નાસાએ મોકલ્યા ઉપગ્રહ**

નાસાએ ધરતીના જળચક્રની જાણકારી માટે બે વિશેષ ઉપગ્રહોને અંતરીક્ષમાં મોકલ્યા છે. પ્રારંભિક ડેટા પ્રાપ્તિ મામલે આ ઉપગ્રહો હાલમાં યોગ્ય કામગીરી કરી રહ્યા છે.

**ચીન સાથે વ્યાપારિક કરાર મામલે સંતુષ્ટી નહી : અમેરિકા**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ચીન સાથે થયેલ વ્યાપારિક વાર્તાઓ મામલે તેઓ સંતુષ્ટ નથી. તાજેતરમાં અમેરિકી અધિકારીઓએ ચીન સાથેના વ્યાપાર મામલે ચીન સાથે એક કરાર કર્યો હતો જેનો ડોનાલ્ડ ટ્રમ્પે ઉલ્લેખ કર્યો હતો.

**યુપીના મદરેસાઓમાં એનસીઆરટી અભ્યાસક્રમ**

ઉત્તરપ્રદેશના તમામ માન્યતા પ્રાપ્ત મદરેસાઓમાં એનસીઆરટીનો અભ્યાસક્રમ ભણાવવામાં આવશે. ઉર્દુ ઉપરાંત હિન્દી અને અંગ્રેજી માધ્યમ પણ પસંદ કરી શકાશે. યોગી કેબીનેટમાં આ પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે.

# બેંગ્લોરમાં વિપક્ષોનો મેગા-શો

### ચૂંટણી પહેલા વિરોધ પક્ષો એક મંચ ઉપર : સોનિયા, રાહુલ ગાંધી, અખિલેશ, માયાવતી, કેજરીવાલ શરદ યાદવ તેમજ મમતા શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા




બેંગ્લોર, તા. ૨૩

કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે આજે કુમારસ્વામીએ શપથ લીધા હતા. આ શપથવિધિને વિપક્ષી એકતા દર્શાવવા માટે પણ રજૂ કરવામાં આવી હતી. વિપક્ષે એકતાનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. શપથવિધિ કાર્યક્રમમાં અનેક વિપક્ષી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વિપક્ષી પાર્ટીઓના મેગા શો તરીકે આ શપથવિધિને બનાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. શપથવિધિમાં યુપીએના ચેરમેન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી, પશ્ચિમ ગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, જેડીયુના પૂર્વ નેતા શરદ યાદવ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, આરજેડીના નેતા તેજસ્વી યાદવ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબૂ નાયડુ, આરએલડીના પ્રમુખ

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકમાં કુમારસ્વામીની મુખ્યમંત્રી તરીકે તાજપોશી

**નાયબ મુખ્યમંત્રી તરીકે જી પરમેશ્વર : કર્ણાટકમાં વિધાનસભા ભવનમાં અનેક દિગ્ગજોની ઉપસ્થિતિમાં રાજ્યપાલ વજુભાઈ વાળાએ હોદ્દા-ગુપ્તતાના શપથ લેવડાવ્યા**



બેંગ્લોર,તા. ૨૩

કર્ણાટકમાં હાઈડ્રામા અને પાવરબ્રોકિંગનો દોર અનેક દિવસ સુધી ચાલ્યા બાદ જેડીએસના નેતા એચડી કુમારસ્વામીએ આજે કર્ણાટકના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કોંગ્રેસના રાજ્યપ્રમુખ જી પરમેશ્વરે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ વજુભાઈ વાળાએ બેંગ્લોરમાં આયોજિત શપથગ્રહણ કાર્યક્રમમાં બંનેને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથગ્રહણને હાઈપ્રોફાઈલ બનાવવા માટે તમામ પ્રયાસ થયા હતા. કર્ણાટકમાં સત્તા સંઘર્ષ વચ્ચે ભાજપે શપથગ્રહણ સમારોહનો બહિષ્કાર કર્યો હતો.

યેદીયુરપ્પાએ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સત્તાની ભુખ અને લાલચના આધાર પર બનાવવામાં આવેલી આ સરકાર ત્રણ મહિનાથી વધારે ચાલી શકશે નહીં. ૧૯મી મેના દિવસે સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરી બાદ ફ્લોર ટેસ્ટ પહેલા જ યેદીયુરપ્પાને રાજીનામુ આપવાની ફરજ પડી હતી. વોકાલિગા સમુદાયના વરિષ્ઠ નેતા ૫૮ વર્ષીય કુમારસ્વામીનું કહેવું છે કે, સરકાર સામાન્ય લોકોના હિતમાં કામ કરશે. ૨૦૦૭ બાદથી કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે તેમની આ બીજી અવધિ છે. તે વખતે તેઓ ૨૦ મહિના સુધી આ હોદ્દો જાળવ્યો હતો.

## માયાવતી-અખિલેશ પ્રથમ વખત એક મંચ પર

**નવા રાજકીય સમીકરણો રચાવવાના સંકેત : કોઇ સમયે એકબીજાના નક્કર વિરોધી તરીકે રહેલા માયા અને અખિલેશ સાથે રહ્યા**

બેંગ્લોર,તા. ૨૩

કર્ણાટકમાં એચડી કુમારસ્વામીના શપથગ્રહણમાં તમામ ટોપના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, શપથવિધિમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી એક સાથે ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ વખત એક મંચ ઉપર આ બંને નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બંને મંચ ઉપર એકબીજાની નજીક બેઠા હતા અને એકબીજાની સાથે વાતચીત કરતા પણ નજરે પડ્યા હતા. ઉત્તરપ્રદેશના બે પૂર્વ મુખ્યમંત્રીઓ થોડાક સમય પહેલા સુધી એકબીજાના નજીકના વિરોધીઓ હતા અને એકબીજાને જોઈ શકવાની સ્થિતિમાં પણ ન હતા પરંતુ ગોરખપુર અને ફુલપુર લોકસભાની પેટાચૂંટણીમાં ભાજપને હરાવી દીધા બાદ બંનેએ રાજનીતિમાં એક નવા પ્રકરણની શરૂઆત કરી હતી. શપથવિધિમાં આ બંને ઉપરાંત અનેક ક્ષેત્રિય પક્ષોના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજકીય પંડિતો માની રહ્યા છે કે, કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધારે સીટો લાવ્યા બાદ પણ સરકાર નહીં બનાવવાની બાબત આ તમામ પક્ષો માટે એક જીવતદાન સમાન છે.

## પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે દેશભરમાં આક્રોશ

**વાયદા પ્રમાણે પેટ્રોલ-ડીઝલના ભાવ ન ઘટાડી શકી મોદી સરકાર : પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને, સરકાર તિજોરી ભરવામાં વ્યસ્ત**

ન્યુ દિલ્હી,તા.૨૩

કેન્દ્રમાં કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર હોય કે ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર, કોઈ પણ સરકાર હોય પરંતુ તે પેટ્રોલ અને ડીઝલ પર વધુમાં વધુ ડ્યુટી લગાવીને સરકારી તિજોરી ભરતું રહે છે. એટલું જ નહીં રાજ્ય સરકાર પણ તેમાં તેટલું જ ભાગીદાર છે. વર્ષ ૨૦૧૪માં ચૂંટણી સમયે પેટ્રોલિયમ ઉત્પાદન પર લાગતાં ટેક્સમાં ઘટાડો કરવાની ભાજપ તરફથી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ સત્તામાં આવ્યા પછી તે આ મામલે સફળ થઈ શકી નથી.

મે ૨૦૧૪માં પેટ્રોલ પર કેન્દ્ર તરફથી એક્સાઈઝ રૂ. ૯.૪૮ પ્રતિ લિટર હજી જે વધારીને આજે રૂ.૧૯.૪૮ પ્રતિ લિટર કરવામાં આવેલ છે. ડીઝલ પર પણ ત્યારે એક્સાઈઝ ડ્યુટી રૂ.૩.૫૬ પ્રતિ લિટર હતી જે આજે રૂ. ૧૫.૫૩ કરવામાં આવેલ છે. જો કે કેન્દ્રની આવકનો સૌથી મોટો સ્ત્રોત પણ પેટ્રોલ-ડીઝલ જ છે. જેથી તેને જીએસટીના દાયરામાં પણ હાલમાં લાવવામાં આવી રહ્યું નથી.

પેટ્રોલ પર સૌથી ઓછો વેટ ૧૬.૬૨ ટકા ગોવામાં છે જ્યારે સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૩૯.૪૮ ટકા જેટલો છે. કુલ ૨૮ રાજ્યોમાં આ દર ૨૫ થી ૩૫ ટકા વચ્ચે છે. ડીઝલમાં પણ આ સ્થિતિ જોવા મળી રહી છે. ૧૩ રાજ્યોમાં વેટનો દર ૨૦ ટકાથી વધારે છે.

## સરહદે પાક.નો ફરી ભીષણ ગોળીબાર

**૪ નાગરિકોના મોત, ૨૦ ઘાયલ : જુદા જુદા ક્ષેત્રોમાં પાકિસ્તાનના ગોળીબારથી દહેશતમાં આવેલા ૪૦૦૦૦થી વધુ ગ્રામીણ લોકોની સુરક્ષિત સ્થળે હિજરત : સરહદ પર વિસ્ફોટક સ્થિતિ**



શ્રીનગર,તા. ૨૩

જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા નજીક અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાને પવિત્ર રમજાન મહિના દરમિયાન પણ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખ્યો છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં આજે વધુ ચાર લોકોના મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ગોળીબારના કારણે દહેશતમાં રહેલા સરહદી ગામોના ૪૦૦૦૦થી વધુ લોકોને અન્યત્ર સુરક્ષિત સ્થળે ખસી જવાની ફરજ પડી છે. શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવાની ફરજ પડી રહી છે. પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ, કઠુઆ, સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ સાથે

● અનુસંધાન પાન-૭ પર




## ટ્રમ્પ અને મૂનની બેઠકની સફળતા પર ઉત્તર કોરિયાના ભાવિનો આધાર

ન્યુ દિલ્હી,તા.૨૩

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જે ઈન સાથે વ્હાઈટ હાઉસમાં યોજેલી બેઠક ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જૉન્ગ અન સાથેની બેઠકને મામલે ટ્રમ્પે આગળ વધવું કે નહીં તે નક્કી કરશે. શરૂ થતા અગાઉ જ સમસ્યામાં સપડાયેલી અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચેની રાજકીય બેઠકને ઉગારી લેવાના મિશન સાથે મૂન જે ઈન અમેરિકા પહોંચ્યા હતા.

અગાઉ ટ્રમ્પે ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જૉન્ગ અન સાથે ૧૨ જૂને સિંગાપોર ખાતે બેઠક કરવા સહમતી દર્શાવી હતી, પરંતુ બંનેએ વાંધો દર્શાવતા આ બેઠક યોજાવા અંગે હવે શંકા સેવાઈ રહી છે. ઉત્તર કોરિયા દ્વારા કરવામાં આવેલા અણુપરીક્ષણથી દક્ષિણ કોરિયા ચિંતિત હતું તો તેને જ કારણે ચિંતિત બનેલા અમેરિકાએ ઉત્તર કોરિયાને અણુપરીક્ષણ બંધ કરવાની ચેતવણી આપી હોવાને પગલે નિર્માણ પામેલી યુદ્ધની સ્થિતિએ બંને દેશને વાટાઘાટ કરવા માટે પ્રેર્યા હતા. માર્ચ મહિનામાં મૂને વાટાઘાટના તેમ જ ઉત્તર કોરિયા તેનો અણુકાર્યક્રમ પડતો મૂકવા તૈયાર હોવાના પ્રસ્તાવ સાથે તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારને અમેરિકા મોકલ્યા હતા.

લશ્કરી સંઘર્ષ ટાળવા તેમ જ ઉત્તર કોરિયા સાથે સોદાબાજી કરવાની તકને જોતાં ટ્રમ્પે બેઠક માટે સહમતી દર્શાવી તેમના પોતાના સાથીદારો, વૈશ્રિ્વક સમુદાય તેમ જ પ્રસ્તાવ સાથે આવેલા મહેમાનને પણ આશ્ર્ચર્યમાં મૂકી દીધા હતા.

## હવે, ત્રણ દિવસમાં જ ચોમાસુ અંદામાનમાં પહોંચશે

ન્યુ દિલ્હી,તા.૨૩

કાળઝાળ ગરમીની ઝપટમાં ભારતના કેટલાંય રાજ્યોને ટૂંક સમયમાં રાહત મળવાની છે. હવામાન વિભાગના મતે આવતા ત્રણ દિવસમાં ચોમાસું અંદમાનમાં દસ્તક દઈ શકે છે. આ જ કારણ છે કે દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં સમયથી પહેલાં વરસાદ થઈ શકે છે. જ્યારે ઉત્તર ભારતમાં પ્રી-મોનસૂનની એક્ટિવિટી જોવા મળી શકે છે. અંદમાનમાં મોનસૂન જે રીતે આગળ વધશે, તેના પરથી જ અંદાજ લાગશે કે ઉત્તર ભારતમાં મોનસૂન કયારે પહોંચશે. આપને જણાવી દઈએ કે હવામાન વિભાગના મૉનસૂનને લઈ આગળનો અંદાજ જૂનમાં આવવાનો છે.


હવામાન વિભાગના મતે ઉત્તર ભારતને હજુ ગરમી ઝીલવી પડશે. ત્યારે કેરળમાં ધોધમાર વરસાદ પડવાની સંભાવના છે. વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે કેરળમાં ૨૮મી મે થી ભારે વરસાદ પડી શકે છે. આવતા ૪૮ કલાકમાં મોનસૂન દક્ષિણ અરબ સાગરથી કેરળ પહોંચી શકે છે. દક્ષિણ અરબ સાગર અને દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં મોનસૂન માટે સ્થિતિઓ અનુકૂળ થઈ રહી છે. બે દિવસ અહીં ઝરમર વરસાદ પડવાની સંભાવના છે. પરંતુ ૨૮મી મે બાદ કેરળમાં મોનસૂન સંપૂર્ણ પણે સક્રિય થશે. સામાન્ય રીતે એક જૂનની આસપાસ મોનસૂન દસ્તક દે છે.

● અનુસંધાન પાન-૭ પર










## ઉ.પ્રદેશમાં ભાજપ નેતાઓને વોટ્સએપ પર ધમકી : ૧૦ લાખની ખંડણી આપો

લખનઉ, તા.૨૩

ઉત્તરપ્રદેશમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સાથી સનસની ફેલાઈ ગઈ છે. ભાજપના છ ધારાસભ્યો સહિત આઠ નેતાઓને એક જ નંબરથી વોટ્સએપ મેસેજ કરીને ૧૦ ૧૦ લાખ રૂપિયાની ખંડણી

● અનુસંધાન પાન-૭ પર